પ્રિમિક્સના ઉત્પાદન માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંનો પુરક જથ્થો બજાર ભાવે ખરીદવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮(પાર્ટ ફાઇલ)/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮/૦૩/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો પત્ર ક્ર: F.No.5-9/2005/ ND/Tech(Vol-II) તા.૨૪-૨-૨૦૦૯

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ તા.૨-૮-૨૦૧૭

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ તા.૯-૮-૨૦૧૭

(૪) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ના પત્ર ક્ર:પોષણ-૧/આઇસીડીએસ/ઘઉં/ પ્રિમિક્સ/૬૪૯૩૪/૨૦૧૮ તા. ૨૮-૧-૨૦૧૯

## પ્રસ્તાવના-

આમુખ (૧) થી ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓમાં આઇસીડીએસ યોજના અંતર્ગત પૂરક પોષણ અંગેના ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે. આમુખ (૨) થી સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (THR) તરીકે રો-રેશન પુરૂ પાડવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંની ખરીદી બજાર ભાવે કરવાની મંજુરી આપેલ છે. આમુખ (૩) થી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ટેક હોમ રેશન (THR) પુરુ પાડવા માટેની કામગીરી સુપરત કરવામાં આવેલ છે, તથા શરત (૧૧) અનુસાર પ્રિમિક્સ (ટેક હોમ રેશન) ના ઉત્પાદન માટે ઘઉં રાજ્ય કક્ષાએથી પુરા પાડવાની જોગવાઇ કરવામાં આવી હતી. આમુખ (૪) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા સંકલિત બાળ

વિકાસ યોજના (ICDS) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (THR) તરીકે પુરૂ પાડવામાં આવનાર પ્રિમિક્સના ઉત્પાદન માટે ભારત સરકાર દ્વારા જરૂરીયાત મુજબ ઘઉંનો જથ્થા ન ફાળવવામાં આવે ત્યારે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંના પુરક જથ્થાની બજાર ભાવે ખરીદી કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવઃ-**

ભારત સરકારની વખતોવખતની માર્ગદર્શક સુચનાઓને ધ્યાનમાં રાખી સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (THR) તરીકે પુરૂ પાડવામાં આવનાર પ્રિમિક્સના ઉત્પાદન માટે ભારત સરકાર દ્વારા જરૂરિયાત મુજબ ઘઉંનો જથ્થો ન ફાળવવામાં આવે ત્યારે પુરક પોષણમાં વિક્ષેપ નિવારવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંના પુરક જથ્થાની ખરીદી બજાર ભાવે કરવાની મંજુરી આથી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૨/૨/૨૦૧૯ તથા સરકારશ્રીની તા.૨/3/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસની કચેરી,બ્લોક ૨૦,જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

- નિયામકશ્રી (આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન. આણંદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત લાઇવલી હુડ પ્રમોશન કંપની.
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ  વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,................. (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી  તમામ
- જિલ્લા પ્રોગ્રામ અધિકરિશ્રી(આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી  તમામ
- શાખા સિલેક્ટ ફાઈલ.